# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૬ | ૨ | ૧૪-૦૫-૨૦૧૨ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# વન પ્રવેશ

**તંત્રી સ્થાનેથી**

આ એક વર્ષમાં મારા જીવનમાં ઘણી બધી ઘટનાઓ એક સાથે બની. લગ્ન જીવનના ૨૫ વર્ષ, વ્યવસાયમાં ૨૫ વર્ષ, જ્યોતિપુંજનાં તંત્રી તરીકેનું ૨૫મું વર્ષ અને ઉમરના ૫૦ વર્ષ, હવે વન પ્રવેશ થશે. આપણે એકાવનથી અઠ્ઠાવનના ગાળાને વન તરીકે ઓળખીએ છીએ અને આ ગાળો જીવન માટે થોડો ચિંતાજનક ગણાય છે, એ પસાર થાય તો થોડું વધુ જીવનદાન મળે એમ કહેવાય છે. જોકે હું આ બધામાં માનતો નથી. પરંતુ પાછળના ૫૦ વર્ષમાં ડોકીયું કરવાનું મન તો થાય જ છે. હમણાં ફરીથી બી. આર. ચોપડાનું મહાભારત જોયું. આમ તો ઘણી વાર વાંચ્યું છે અને ઘણી વાર જોયું છે, પરંતુ આ વખતે થોડી નવી વાતનો વિચાર આવ્યો. આમાં દરેક વ્યક્તિને એકબીજાની સાથે જોડતી કંઈક ને કંઈક વાત છે. કોકનો પાછલા જન્મનો નાતો છે, તો કોકને શાપનો, તો કોકને પ્રતિજ્ઞાઓનો. દરેકના મૃત્યુનું કારણ પણ કયાંક બહુ પહેલા નિર્માયું હતું. કર્ણનો રથ જમીનમાં ખુંપી જશે ને છેલ્લી ઘડીએ પોતાનું જ્ઞાન ભુલી જશે એવો શાપ બે ઋષિઓએ વર્ષો પહેલાં આપેલો. ભીષ્મના મૃત્યુનું કારણ બનેલો શીખંડી પણ બે ત્રણ જન્મ પહેલાં અંબા તરીકે એમના જીવનમાં આવેલો. અર્જુન માટે રાખેલું દિવ્યાસ્ત્ર કર્ણને વાપરવું જ પડે એ માટે ઘટોત્ચચના જન્મ માટેનું નિમિત્ત પાંડવોનો વનવાસ બન્યો હતો. આવી તો હજારો ઘટનાઓ મહાભારત ધ્યાનથી જોશો તો જાણમાં આવશે. આના સંદર્ભમાં આપણા આજના જીવન માટે વિચાર કરતો હતો. આપણા જીવનમાં પણ પાછળ નજર નાખીએ તો દરેક તબક્કે, દરેક પગથિયે ક્યાંક કોક આપણને દોરતું આવ્યું છે. દરેક ઘટનાઓ

એકબીજા સાથે જોડાયેલી હોય છે. ધંધાની શરૂઆત કેવી રીતે થઈ, કોની પ્રેરણાથી થઈ, આઈટમ ક્યાંથી સુજી, કોણે પીઠબળ આપ્યું. કયા પરચેઝરે દિશા બદલાવી, કોણે સફળતા અપાવી, કયા રીજેકશન થી લાઈન બદલાઈ, ક્યાંથી ક્યાં કોક ભટકાયું ને નવી દીશા બતાવી, આવું દરેક જણ વિચારે તો સમજાશે, ભલે મહેનત કરી હોય પણ નિયતિ આપણને દરેક તબક્કે એની મરજી મુજબ જુદી જુદી ઘટનાઓ દ્વારા જુદા જુદા માણસો દ્વારા કશેક ને કશેક દોરતીજ ગઈ છે.

આપણે સફળતાં પાછળ નાહક અભિમાન કરીએ છીએ કે આ મારી મહેતનનું પરિણામ છે. મેં આ સપના જોયા અને આજે સાકાર કર્યા છે. આપણને આ સપના બતાવનાર એ વિચાર આપણાં મનમાં રોપનાર કોક બીજું જ હોય છે. આપણી સફળતાની પાછળ પણ કેટલાંયે લોકોનો ફાળો હોય છે. આપણી સાથે કામ કરતાં આપણા પ્યુનથી માંડીને મેનેજર સુધી આપણી સફળતાનાં ભાગીદાર હોય છે.

સામાન્ય જીવનમાં પણ માબાપ, ભાઈબહેન, પત્ની, બાળકો, સગા સંબંધી, મિત્રો દરેક જણ આપણી જાણ બહાર, પણ સતત આપણા જીવનને દોરતાં હોય છે. આજે આ વ્યક્તિ વર્ષો પછી અચાનક કેમ મળી ગઈ અને એના એક વાક્યથી મારા જીવનની દિશા કેવી રીતે બદલાઈ ગઈ જેવી અનેક ન સમજાયેલી વાતો આજે સમજાય છે.

તમે મેઈઝ અથવા ભુલભુલામણી જોઈ હશે. એમાં પ્રવેશ કર્યા પછી, રસ્તો શોધતાં શોધતાં આગળ વધાય, ક્યારેક પાછું ફરવું પડે, ક્યાંક દિશા ન મળે પણ એક પછી એક મુસીબતો નો સામના કરતાં કરતાં એમાંથી બહાર નીકળીએ ત્યારે જ સમજાય આ ક્યાં નીકળ્યા, ક્યાં પહોંચ્યા, જો એ ભુલભુલામણીને આપણે ઉપર ઉંચાઈથી કે વિમાનમાંથી જોઈએ તો દેખાય કે કેટલો સરળ રસ્તો હતો. આપણે નાહકના સપડાયા. આ રસ્તો તો અહીંજ પહોંચતો હતો. અને અંતિમ લક્ષ્ય પણ અહીં પહોંચવાનું જ હતું. આપણા જીવનના આજના મુકામ સુધી પહોંચ્યા પછી સમજાય છે કે આ મુકામ ઉપર પહોંચવા પહેલાં આપણે ભગવાનને કે આપણા નસીબને કેટલીયે વાર કોસ્યું હશે. કેટલીયે વાર પાછા ફરવાનું અથવા ધારેલી દિશામાં ન જવાનું દુઃખ અનુભવ્યું હશે. પણ ભગવાનને કે નિયતીને બરાબર ખબર હોય છે કે આપણા માટે કયો માર્ગ બરાબર છે.

જીવનની શરૂઆતના વર્ષોમાં આપણને આપણી મહેનત ઉપર, આપણી આકાંક્ષાઓ ઉપર, આપણા સપનાઓ ઉપર અતુટ વિશ્વાસ હોય છે. અને હોવો પણ જોઈએ, એ જ આગળ વધવાનું, સપનાઓને સાકાર કરવાનું અને આકાંક્ષાઓ પાર પાડવાનું બળ અને ઉત્સાહ પુરુ પાડે છે. પરંતુ જીંદગીના આ તબક્કે સમજાય છે કે આતો બધું સ્ક્રીપ્ટેડ હતું. આપણને ન દેખાયેલી વાર્તા કે સસ્પેન્સ ભગવાને પહેલેથી લખેલું હતું.

હમણાં અમે મિત્રો ભેગા થયા ત્યારે ચર્ચાનો વિષય રાખેલો "Regrets of your life' તમારા જીવનમાં અફસોસ રહી ગયો હોય એવી કઈ બાબતો છે ? દરેક મિત્રએ અફસોસ જનક ઘટનાઓ કહી પણ કોઈ પણ વાતથી આજે એમના જીવનમાં મોટો ફરક પડયો હોય એવું મને લાગ્યું નહી. મને પણ જે વાત કે જે નિર્ણયો જીવનના એ તબક્કે અફસોસ જનક લાગ્યા હતા એ આજે એટલાં અફસોસ જનક નથી લાગતાં, આમ જોવા જઈએ તો બધી વાતો 'જો' ને 'તો' માંજ થતી હતી. 'જો મેં આમ કર્યું હોત તો આજે આમ હોત' ને 'જો હું આને પહેલાં મળ્યો હોત તો અત્યારે હું ક્યાંનો ક્યાં હોત' પરંતુ આજે બધા પોત પોતાની રીતે સુખી જ છે. આપ વાચકો પણ વીતી ગયેલી જીંદગીના અફસોસ જનક પ્રસંગો યાદ

કરશો તો સમજાશે કે એ વખતે થયેલું દુ:ખ આજે જીવનમાં કંઈજ મહત્વ નથી રાખતું. બીજી વાત કે આપણે વિચારીએ છીએ કે મેં આ નિર્ણય લીધો હોત તો હું આજે ક્યાંનો ક્યાં હોત પણ એમાં તોતેર મણનો 'તો' છે. એ 'તો' કદાચ વધુ પતનની ખાઈ તરફ પણ લઈ ગયો હોત. 'મેં આ જગ્યા દસ વર્ષ પહેલાં જોયેલી, લીધી હોત તો આજે દસ કરોડ નો ભાવ મળત' પણ ભાઈ કદાચ એ લીધી હોત ને બિલ્ડીંગ પુરુ જ ન થયું હોત કે મોડું થયું હોત તો કદાચ દેવાળીયો પણ થઈ ગયો હોત. આ વાત એ લોકોને પુછજો કે જે ટ્રેન ચુકી ગયાનો અફસોસ કરતાં હોય અને બીજે દિવસે ખબર પડી કે એ ટ્રેન ને અકસ્માત થયો હતો. એ સમજાવશે 'જો' ને 'તો' નો ફરક.

બાકી આ ૫૦ વર્ષના જીવનમાં આજે વિચારું છું તો કેટલાંયે લોકોનો આભાર માનવાનું મન થાય છે. કેટલાંક હયાત નથી પણ એમણે મારું જીવન બદલ્યુ છે. એટલે એમને યાદ કરીને આભાર માનું છું અને મારી આજુબાજુના હયાત લોકોનો પણ એટલોજ આભાર માનું છું. જેમણે મિત્ર બનીને સાથ આપ્યો છે એમનો પણ અને જેમણે મને કડવી વાતો કહીને દુ:ખ આપ્યું છે એમનો પણ. લગનજીવનના ૨૫ વર્ષ આનંદપૂર્વક વિતાવવા બદલ પત્ની અને બાળકોનો પણ આભારી છું. જ્યોતિપુંજની વાત કરું તો મને આ માર્ગે દોરનાર મિત્રો, સાથી, કાર્યકર્તાઓ, મને લેખ માટે વિચારો આપનાર વાચકોનો, ટીકા કરીને વધુ પ્રયત્નશીલ બનાવનાર ટીકાકારોનો, લેખની પ્રેરણા આપનાર પ્રવચનકારો અને વાર્તાકારોનો, સંસ્કારના સીંચન કરનાર માબાપનો અને જ્યારે જ્યોતિપુંજને હું મારું પોતાનું સંતાન સમજી બેસવાની ભુલ કરી બેઠો ત્યારે ફક્ત પાલક માતા તરીકેનું સ્થાન બતાવનાર સાથીઓનો પણ હું આભારી છું. હવે કદાચ આ નાતો છુટવાનું એટલું બધું દુ:ખ નહી થાય. મારી અંગત વાતો અને અંગત વિચારોને રસપૂર્વક વાંચનાર આપ સૌ વાચકોનો પણ હું આભારી છું. આજે વન પ્રવેશ કરતી વેળાએ પાછળની જીંદગીની કોઈ બાબતોનો અફસોસ નથી અને કોઈની સામે ફરિયાદ કે દ્વેષ નથી. "No Regrets" હવે હું ભગવાનને બાળ સ્વરૂપે નહી પણ વિરાટ સ્વરૂપે વિચારીને પુજા કરુ છું. જીવન માં કોઈ પણ બાબત બને, કોઈ પણ મુશ્કેલી આવે તો વિચારું છું કે એટલે ઉપરથી એને મારા જીવનની મંજીલ વધુ સારી રીતે દેખાતી હશે. એટલે એણે ચીંધેલો માર્ગ સાચો અને સારોજ હશે. એ જે કરે તે સારું જ હશે અને એજ મારી નીયતી હશે જેનો મારે સ્વીકાર કરવો જ રહ્યો. બસ એક પ્રાર્થના છે કે મારા જીવનનો, મારા જન્મનો એક ચોક્કસ હેતું તારા મનમાં હશે જ, એ તારો હેતું પુર્ણ થાય એવું જીવન જીવાડજે, મારી વનયાત્રા હેતુમય બનાવજે.

**- નિખિલ પરીખ.**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

# કોઈના આર્શીવાદ ન મળે તો ઠીક કોઈના નિસાસા ન લેતા...

દુનીયાના નકશામાં આજે દેખાતુ બ્રીટન એક ટપકા સમાન રહી ગયુ જેનો સુરજ ૧૬ સુરજના તાપ બરોબર બ્રીટીશ એમ્પાયરનું રાજ આખા વિશ્વમાં ચાલતું હતું. 'ધ એન્ડ ઓફ બ્રીટીશ એમ્પાયરના પુસ્તકમાં લખ્યા પ્રમાણે ઝુલમ, ક્રુરતા ને અત્યાચારથી ઉભરાયેલી સરકાર માનવીના નિસાસાથી સત્તાનો અસ્ત થઈ જાય છે.

'ધ રાઈઝ એન્ડ ફોલ ઓફ ઈદી અમીન' ના પુસ્તકમાં પણ આફ્રીકા વાસી રાજા અમીન પશુ, પ્રાણી તો ઠીક પણ માણસને પણ કાપી માંસ ખાઈ લોહી પીતો હતો પછી... ? મહાભારતમાં બાણ શૈયા ને દર્દથી પીડાતા ભીષ્મપીતામહ પુછે કે મારા આ હાલ કેમ ? ત્યારે જવાબ મળે છે કે દ્રોપદીના વસ્ત્રહરણને નતમસ્તક કરી, જે રોકી શકતા હતા. અરે ભગવાન શ્રી કૃષ્ણને પણ અશ્વસ્થામાં ના શ્રાપ ભોગવવા પડે છે. શ્રવણના માબાપની વાર્તા યાદ હશે, રાજા દશરથને શ્રાપ મળે છે કે તારે પણ પુત્રનો વિયોગ ભોગવવો પડશે. શ્રાપ થકી તો આખાય યાદવકુળનો નાશ થાય છે.

થોડા વર્ષો પુર્વે એક ભાઈ એક મારવાડી શેઠ વેર હાઉસીંગનો ધંધો કરતા હતા ત્યાં કામ કરતા હતા. એમની નજર સમક્ષ બનેલી ઘટના માં બે ભાઈઓ રૂ ની ગાંસડીનો ભાવ વધારો કમાવવા તેના ગોડાઉનમાં માલ મુકી ગયા. થોડા સમયમાંજ ભાવ ખુબ વધી ગયા પણ મારવાડી શેઠની દાનત બગડી માલ પાછો આપ્યો નહી બે ભાઈઓ રોજ આજીજી કરે, રડે ને પગે પડે. કે મને માલ આપી દો તેના પૈસા મારે વેંચીને લેણદારોને ચુકવવાના છે. પણ શેઠ માન્યા નહી. છેવટે બે ભાઈઓ એક સવારે સાથે આપઘાત કર્યો. થોડા સમયમાં શેઠને ત્યાં પ્રસંગ આવ્યો ને ઘરના ૫૦ સભ્યો એ.સી.સ્લીપરના કોચ માં ગેસ સીલન્ડર લઈ પ્રસંગે જતા રાત્રે લીકેજ થી શેઠ હજી ફલાઈટમાં બેસે પહેલા સમાચાર મળ્યા કે બધા મૃત્યુ પામ્યા છે.

ભાગીદારોથી અલગ પડતા કે છુટાછેડાના હીસાબ વખતે નબળાનો હીસ્સો ખાઈ જવો કે ધ્યાન બહાર હીસાબ દબાવી દેતા ધ્યાન રાખવું કે આપણી ઉપર પણ એક ન્યાયાલય છે જેનો ઈન્સાફ કદી ખોટો નથી હોતો. કોઈના આંસુ, નીસાસા, કે બદદુઆ સુખી સંસારને દાગ લગાડે છે.

કોઈ ભુખ્યા જીવને અન્નનો ટુકડો તેના આંતરડામાં પહોંચતા ઓડકારથી જે જીવને આશીશ નીકળે છે તે જીવનને ધન્ય બનાવી દે છે. કોઈના માબાપ વૃધ્ધાઅવસ્થામાં હીરાના દાગીના કે ગાડી ડ્રાઈવર માંગતા નથી. પણ સ્વમાનના ટેકાની જરૂર હોય છે. થોડો સમય રોજ તેમની સાથે આત્મીયતાથી વાતો કરીશું તો તે સેવા બરોબર છે. મા બાપને કોહીનુરના હીરાની જેમ માવજત કરનારને ઘરમાં મળતા આર્શીવાદ નીઝામની મિલ્કથી પણ વધુ અંકાય છે.

કોઈની જુવાન છોકરી આપણા ઘરમાં વહુ બનીને આવે છે તો ધ્યાન રાખવું કે એ પણ અરમાન લઈને આવે છે. આર્થીક સ્થીતી પ્રમાણે હરવા ફરવા, વસ્ત્રોને મોજ શોખ નું પોષણ કરવું કે જેથી તેની ઈચ્છાઓનો છોડ મુર્ઝાય નહીં.

સંત તુલસીદાસ પણ આનો જ અંગુલી નિર્દેશ કરતા લખે છે કે

તુલસી, હાય ગરીબ કી, કભી ન ખાલી જાય.
મુઆ ઢોરકે ચામસે લોહા ભસ્મ હો જાય.

સાવધાન, ગરીબ એટલે માત્ર આર્થીક દરિદ્ર એટલો અર્થ ન સમજતા બલ્કે કસુર ન હોવા છતા લાચારીથી જુલ્મ સહનાર એટલો વ્યાપક અર્થ સમજવો એની અંતર આગ આપણને આભડી ન જાય તેની તકેદારી રાખશો.

**લી. શૈલેષ કી. દેસાઈ**

# વ્યાજ

આપણા મૂડીના રોકાણ પર જે મળે તે વ્યાજ. વ્યાજ અનેક પ્રકારનું હોય. આપણા જ સંતાનના ઘરે જ્યારે બાળક જન્મે તે પણ વ્યાજ કહેવાય. વ્યાજનું ય વ્યાજ મળે તેને ચક્રવર્તિ વ્યાજ કહેવાય. મૂડી કરતાં ય વ્યાજ વધારે વહાલું હોય છે. પરંતુ આ વ્યાજ મેળવવા માટે મૂડીનું રોકાણ પહેલું કરવું પડે છે. પરંતુ....

સારી રીતે રોકાણ ન થાય તો, વ્યાજ તો બાજુ પર રહે મૂડી પણ ચાલી જાય છે. હવે આ તમારી મૂડીનું રોકાણ સહી રીતે થાય એ માટે શું કરશો ?

આ તો રૂપિયા પૈસાના મૂડી રોકાણની વાત થઈ, પરંતુ આ રોકાણને સહી બનાવવા માટે આપણા ખર્ચા કરતાં બચેલા વધારાના રૂપિયાને પૂણ્યાઈ સાથે વાવવાના છે. જમીનમાં તેનું વાવેતર નથી કરવાનું. સારા પૂણ્યના કામમાં વાપરવાના છે. આ રૂપિયાનું વ્યાજ પ્રભુજીના ચોપડે જમા થઈ વ્યાજ રૂપે ચેકથી મળશે. વિચારો, સાચે જ ચેક મળશે પ્રભુજીના દરબારેથી ? આ તો પુણ્યાઈનું વાવેતર અને એનું વ્યાજ પુણ્ય રૂપે તમને મળશે. અને તમને અને તમારા ઘરના બાળકો આ પૂણ્યાઈનું વ્યાજ આનંદ સહ ભોગવશો. વાવેતર ક્યાં કરશો તમારા રૂપિયાનું ? એની સમજ તો સૌ નાના મોટાંને હશે જ હશે.

ગામડાં ભણતર માંગે છે. ગામડાં ડૉક્ટર માંગે છે. સહી ઈલાજ, સહી ભણતર મળે તો જાગૃતિ આવે. ગરીબાઈને નિવારવા તમારી કમાણીનું વાવેતર બહુ જરૂરી છે. મેલાઘેલા લઘરવઘર વાઘા સાથે ધૂળમાં પસવારાતુ બાળપણ, કૌમાર્યાવસ્થને તમારા રૂપિયાની તમારા સાથની જરૂરત છે. નિવૃતિમય જીવન વિતાવતાં, આ વિધુર, વિધવા ભાઈઓ બેનો તમારા જીવનની પૂર્ણાહુતિના વર્ષોનું વાવેતર અને નિવારણ માટે સહી સાબિત થાય છે. મુંબઈમાં જ રહી સત્સંગમાં જવું, બાગમાં લટાર મારવી, સવારે સેવા, રસોઈમાં અને આરામમાં સમય વપરાય પરંતુ આખા દિવસની દિનચર્યામાંથી સમય ફાળવો, ગરીબાઈને પ્રકાશવંતિ બનાવો, 'ચલો બાલાસિનોર' ફક્ત હરવા, ફરવા, મોજમજા માટે જ નહિ. તેમને પ્રકાશવંતા બનાવવા નિવૃતિમય જીવનને બાલાસિનોરના હવાપાણીથી સિંચન કરી આપણા બાલાસિનોરને પ્રકાશવંતુ બનાવવા કમર કસો. હવે પહેલાનું બાલાસિનોર નથી રહ્યું. શહેર કમ ગામડામાં ફેરવાઈ ગયું છે. વિજળી, ટીવી, રિક્ષાની સવલત સાથે બધું જ મળે છે. ફક્ત અવરોધ ગરીબાઈનો નિવારવા તમારા શક્તિ, ભક્તિ અને રૂપિયાનું વાવેતર કરી તમારા અને તમારા બાળકોના જીવન માટે પુણ્યાઈનું વાવેતર, લણણી કરી લેવાની છે. આ ફરજને પ્રભુજીનું ફરમાન સમજી અમલમાં મૂકવાના આગ્રહી બનો.

પ્રભુજીના ઘરનું તેડુ આવે ત્યારે સર્વ કાંઈ છોડી સંસારને ઉજાડી તમે ઠાલા હાથે ચાલ્યા જશો. આપણો દેશ, આપણું વતન વહાલું કરો. પુણ્યાઈનું વાવેતર તો મોહમયી મુંબઈ નગરીમાં રહીને પણ થઈ શકશે. અહિંયા પણ પૈસાના પાલવ પછી તે છૂપાયેલી ગરીબી તમને આવકારી તો રહી છે. બ્લાઈન્ડ સ્કુલ, ઓરથોપીડીત હોસ્પીટલો, અનાથ આશ્રમો તમને અવાજ આપી રહ્યાં છે અને આ આવાજ, ફરમાન એ પ્રભુજી જ પોકાર અને ફરજ પાડી રહ્યાં છે. તમારા પૈસા - રૂપિયાના વાવેતર અને વ્યાજ પુણ્યાઈનું ભાથુ મેળવવા માટે, સત્સંગમાં રોજ સાંભળતા આવ્યા હશો પરંતુ તમારા બચતના રૂપિયાનું વાવેતર વ્યાજ સાથે મેળવી તમારા બાળકોના જીવન સીંચન કરવા કટિબધ્ધ થાવ. લશ્કરના જવાનોને ફરજ પર ડયુટી પર જવાનો

કોલ આવે કે બંબાવાળાઓને તેઓ 'એટ એ મોમેંટ' તૈયાર થઈ જાય છે. એમ તમે પણ પ્રભુજીની પેઢીએથી પુણ્યાઈનો ચેક, વ્યાજનો ચેક મેળવવા અધીરા બનો. સેવામાં શક્તિ ભક્તિ અને રૂપિયાનું વાવેતર કરી લો. વ્યાજ તો સૌને વ્હાલું છે. આ વ્યાજ એટલે પુણ્યાઈનું વાવેતર તમારા બાળકોના જીવન પલ્લવિત કરી દેશે. આંગળી ચિંધ્યાનું પુણ્ય છે. તેમાં તમારા રૂપિયાની બચત અને શક્તિ ભક્તિનું વાવેતર....... સારા કામ અને સારા કામમાં રૂપિયા વાપરી તમારું જીવન સાર્થક કરો. બસ એજ અભ્યર્થના. જાગૃતિ લાવી પ્રભુજીની પેઢીએથી વ્યાજનો ચેક મેળવો.

આ સોદો બહુ જ સસ્તોને સરળતા ભર્યો છે.
વ્યાજ રૂપિયાનું અતિ ઘણું વ્હાલ મને.....

**લી. ઉષા ધારીયા**

## મહોદધિ છલકી

મોરે કાન્હા કૈસે બતાઉં તોહી
મન દર્પણમેં તોહરી છબી ઉભરી
ઉભરી એસી સ્થિત કર લીની
આનંદ અપાર અગાધ મહોદધિ છલકી... મોરે...
સન્મુખ કાન્હા દેખ ધન્ય ધન્ય ભઈ
અંતર ઓજસસે ઝગમગ ઝગમગ ઝલકી
ગાઉં મંગલહી મંગલ બલિહાર તોહરી... મોરે...
મોરે કાન્હા તો સંગ જનમ જનમકી ભેટી....
તોહરો ભરોસો કાન્હા, શરણાઈ તોરી.... મોરે...
મોરે કાન્હા તો સંગ પ્રીત લગી એસી.......

**- ઉષા ધારીઆ**


**ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**
**Sankalp Astrologist & Palmist**
તથા
**દક્ષેષ ભટ્ટ**

જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩૫૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯ । Email : gopaljbhatt@yahoo.co.in
✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨ • મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

પ્રથમ પોગ્રામનો અહેવાલ તા. ૧૮મી એપ્રીલ તારાબાઈ હોલ બપોરે ૨.૩૦ કલાકે અંતાક્ષરીનો કાર્યક્રમ રાખ્યો હતો. 'HEMA GANDHI &GROUP' દ્વારા ઓરગેનાઈઝ કર્યો હતો.

૧૧૨ બહેનોએ ભાગ લીધો હતો. જે ૭ બહેનોના ૧૬ ગ્રુપ બનાવી રમાડવામાં આવ્યા હતા. એમાંથી ૪ ગ્રુપ સેમી ફાઈનલમાં આવેલા અને ફાઈનલ રાઉન્ડ રમાડી ગ્રુપ વાઈઝ પહેલુ, બીજુ, ત્રીજુ અને ચોથુ એમ નંબર આપી ઈનામ આપ્યા હતા તથા બાકી રહેલા ગ્રુપને પણ કન્સોલેશન પ્રાઈઝ આપ્યા હતા. ઓડિશનમાંથી પણ રમાડીને પ્રાઈઝ આપ્યા હતા. આ સાથે "BUSY TO WOMAN" તરફથી 'રેડી ટુ ઈટ' ના પેકેટ આપવામાં આવ્યા હતા. જે શ્રીમતી દિપિકાબેન ચંદ્રકાંત ધારિયાએ મદદ કરી હતી. તેમનો આભાર માને છે. એક વૈષ્ણવ બહેન તરફથી રૂા.૧૫૦૦૦)નું ડોનેશન મળ્યુ હતુ. સંસ્થા એ બહેનનો આભાર માને છે. છેલ્લે નાસ્તા તથા કોલ્ડ્રીંકના પેકેટ આપ્યા હતા. બધાએ સારો સાથ સહકાર આપ્યો એ બદલ આપ સૌનો આભાર.

**- સંયોજક કુંજુ હેમેન્દ્ર શાહ(ચકવા)**

આગામી કાર્યક્રમ 'પાકી કેરીની વાનગી હરિફાઈ તથા "BROWNIE & SIZZLER"નું ડેમોન્સ્ટ્રેશન તા. ૧૮-૬-૨૦૧૨ સોમવાર બપોરે ૩.૦૦ કલાકે સ્થળ : લાડની વાડી, સી.પી.ટેન્ક, મુંબઈ

પાકી કેરીની સીઝન હોવાથી પાકી કેરીની વાનગી હરિફાઈ રાખી છે. વાનગી ઘરેથી બનાવીને લઈ આવવી તથા સાથે રેસીપી રાખવી જરૂરી છે. આમા ભાગ લેનાર બહેનોએ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી લાડની વાડીમા આવી જવું. હરિફાઈમા ભાગ લેનાર બહેનોના રૂા. ૩૦.૦૦ અને નાસ્તાના રૂા. ૪૦.૦૦ રાખ્યા છે. ભાગ લેનાર બહેનોએ તા. ૩૧-૫-૧૨ સુધી પોતાના નામ કોઈપણ કમિટિ બહેનોને લખાવી દેવા. તા. ૧૧-૬-૨૦૧૨ સોમવારે બપોરે ૩ થી ૪ વાગ્યા સુધી શ્રી બા.ન.સંઘ સંસ્થાની ઓફિસ, સી.પી.ટેન્ક. આ પોગ્રામના પાસ મળશે તથા કોઈપણ કમિટિ બહેન પાસે રૂા. ૪૦.૦૦ આપી નામ લખાવી શકશે.

**- સંયોજક કુંજુ હેમેન્દ્ર શાહ(ચકવા)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## શૈક્ષણિક પારિતોષિકો શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવામાં આવે છે. જેમાં K.G. ધોરણ ૧ , થી ૯, S.S.C, H.S.C., B.COM. B.SC.B.D.S, C.A, L.L.B, M.B.A, M.B.B.S, વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ ઝેરોક્ષ કોપી પાછળ પોતાનું પુરુ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને ૩૧-૫-૨૦૧૨ સુધીમાં સંસ્થામાં આપી જવા વિનંતી. ઈનામ વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**-મંત્રી : ભાવેશ મોદી**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ
## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

મંડળ સંચાલિત ઉપર્યુકત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૨-૧૩) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રોએ તા. ૧-૬-૧૨ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૩૧-૭-૧૨ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૨-૧૩)ની ફી ભર્યાની original રસીદ (Xerox સાથે) તેમજ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. **અધુરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.**

**અરજીપત્રક મેળવવાનું સ્થળ :**

**શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**, C/o બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લિ.,
દુકાન નં.S-4, વિજયશ્રી એપાર્ટમેન્ટ, તાત્યા ઘારપુરે માર્ગ (મુગભાટ લેન), (મંગલવાડીની સામેની ગલી),
ગિરગામ, મુંબઈ - ૪૦૦૦૦૪, **ટે.ન.:** ૨૩૮૮૬૧૧૮/૨૩૮૮૭૭૮૯,
**સમય :** સોમ થી શનિ, બપોરે ૩ થી ૬

**અરજી પત્રક સંપુર્ણ વિગત ભરીને પાછા આપવાનું સ્થળ :**

**શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરવાળા)**, ૨૩૦૪, શ્રીપતિ આર્કેડ, ૨૩મે માળે, નાના ચોક,
મુંબઈ - ૪૦૦૦૦૭, **ટે.નં.:** ૨૩૮૬૯૮૨૧, **મોબાઈલ :** ૯૮૨૦૧૫૭૩૩૫,
**સમય :** સોમ થી શનિ : બપોરે ૧ થી ૪

અરજીપત્રક મેળવ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને ફી સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે. મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક આપવામાં આવશે.

**ચેક મેળવવાનું સ્થળ :** શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨, સમય : સોમવાર થી શનિવાર સવારે ૧૧ કલાક થી સાંજે ૫ કલાક સુધી.

**પારિતોષિક યોજના**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨નાં અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૨ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમનાં વ્યાજમાંથી મંડળ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

નોંધ : આ યોજના S.S.C (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૨૫-૮-૧૨ પહેલાં મોકલાવી આપવા વિનંતી.

ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતિ માટે મંડળના માનદ્ મંત્રિઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

| | |
|---|---|
| શ્રી શરદ નટવરલાલ દેસાઈ | શ્રી મંજુલ શૈલેશ ધારીઆ |
| (ફોન નં.: ૨૩૮૧૨૪૯૭/૯૯૨૦૧૮૯૯૫૦) | (ફોન નં.: ૯૮૨૦૧૩૫૦૧૪) |

## BALASINOR MEDICAL CENTER

**CHOWPATTY, MUMBAI - 400 007**

FROM THE CENTRE WE HAVE GOOD NEWS FOR ALL THE COMMUNITY PEOPLE AS WELL AS DOCTORS (WHO WANT TO SERVE THE COMMUNITY PEOPLE)

1. CENTRE HAVE APPOINTED FAMILY PHYSICIAN DOCTOR. HE WILL VISIT OUR CENTER ON ALL DAYS FROM 10AM TO 12 NOON AND 5 PM TO 6 PM. CHARGES WILL BE ONLY RS. 20.00 (RS. TWENTY) PER VISIT.
   EXTRA CHARGES OF RS. 20.00 (RS. TWENTY) WILL BE FOR GIVING INJECTION, SMALL DRESSINGS ETC.
   BASIC MEDICINES WILL BE GIVEN FROM CENTRE.
2. CENTRE IS STARTING FACILITIES LIKE E. N. T / DERMATOLOGY (SKIN) PHYSIOTHERAPY / DENTAL CONSULTANCY. DOCTORS WHO ARE INTERESTD, CAN CONTACT DR. KINNARI SEVAK WITH PRIOR APPOINTMENT.
3. RENOVATED CENTRE GOT THREE CABINS TO BE ALLOTED TO DOCTORS ON RENTAL BASIS AS PER SLOTS AVAILABLE. PLEASE CONTACT CENTER DURING THE CENTRE'S TIMING.
4. CENTRE IS STARTING AWARENESS PROGRAMME. THOSE WHO WANTED TO GIVE SERVICES ARE WELCOME WITH GOOD SUGGESTIONS.

**ADMINISTRATOR : DR. KINNARI SEVAK**
**SECRETARIES : SOHINI Y. KADAKAIA / PARESH R. PARIKH**


# Indian Photo




**Manu Mamtora**

**Specialist in :**

Video Shooting & Digital Photography,
Digital Shooting,
All Kinds of Colour Photography.

Resi :
204, Hinal Residency, Dahanukrwadi,
Datta Mandir Road, M.G.Road,
Kandivali (W), MUMBAI - 400067

**Resi : 28699141 - M : 9819789634**



જે જે શ્રી ગોકુલેશો

**લગ્નગીતો, સંગીત સંધ્યા તથા પ્રાર્થના સભા માટે**

**સંપર્ક સાધવો**

ભરતડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩
રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩
મિના : ૯૨૨૧૧૬૫૫૫૨

**Email : ranjeetdossa@yahoo.com**
**www.rhythmicgroup.com**

**શ્રી ગોકુલેશો જયંતિ**

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ મુંબઈની**

## સુવર્ણજયંતિ પ્રસંગે આયોજીત - ધાર્મિક સંગીતમય નૃત્ય નાટિકા

# અર્ધાવતાર

**તારીખ :** ૧૭-૬-૧૨ રવિવારે સવારે ૯ કલાકે **સ્થળ:** શ્રી બીરલા માતુશ્રી સભાગાર, ધોબીતલાવ,

મુંબઈ - મુકામે ભજવવામાં આવશે.

**અતિથિ વિશેષ**
પરમ પૂજ્ય ૧૦૮ શ્રી નિકુંજલતા બેટીજી મહોદયા

**મનોરથીઃ**
પ.ભ.શ્રી મનોજ પ્રવીણચંદ્ર કચેરિયા તથા તેમનો પરિવાર

**બાલાસિનોરના દશાનીમા વૈષ્ણવો જોગ**

શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજ આયોજીત અને શ્રી મનોજ પ્રવિણચંદ્ર કચેરીયા મનોરથિત ઉપરોક્ત પ્રસંગે હાજર રહેવા આપ સહુને અમારું ભાવભીનું નિમંત્રણ છે.

આ પ્રસંગે સમાજના વડીલો, મોભીઓ તથા આમંત્રિત મહાનુભાવો અને અન્ય સસ્થાઓના પ્રમુખોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજવતી.**
**પ્રમુખ : શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ**
**મંત્રી : શ્રી બીપીન કીરતનલાલ દોશી તથા**
**મનોરથી : શ્રી મનોજ પ્રવીણચંદ્ર કચેરિયાના જય જય શ્રી ગોકુલેશ**

તા. ૯-૬-૨૦૧૨ શનિવારે સાંજે ૪ થી ૮ તથા રવિવારે તા. ૧૦-૬-૧૨ના દિવસે સવારે ૧૦ થી ૧૨ સુધી શ્રી વાડાસિનોર ક્રેડીટ કો.ઓપ. સોસાયટી, બાબુગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ - ૨ મુકામે ટિકીટો આપવામાં આવશે. દરેકને એક કવર લેવાનું છે જેમાં બે ટીકીટો નંબર લખેલી હશે. તે પ્રમાણે બેસવાનું છે. વહેલો તે પહેલો આ ધોરણે ટીકીટો આપવામા આવશે. કોઈપણ સંજોગોમાં ટીકીટો બદલી આપવામાં આવશે નહી. બીજાના નામની ટીકીટ કોઈને આપવામાં આવશે નહીં. વસ્તીપત્રકમાં નામ નહીં હશે તો ટીકીટ આપવામાં આવશે નહી. બધી ટીકીટો ખલાસ થઈ ગયા પછી કાઉન્ટર બંધ કરવામાં આવશે. શનિવારે જો ટીકીટો બચી હશે તોજ રવિવારે કાઉન્ટર ખુલ્લુ રાખવામાં આવશે. કાર્યક્રમ સમયસર ચાલુ કરવામાં આવશે. તેથી સમયસર આવી જવા વિનંતિ છે.

આ પ્રસંગે એક સોવિનિયર બહાર પાડવામાં આવશે. સાથે મૂકેલી પ્રસાદ વિ.ની. કુપનો લાવવાનું ભુલશો નહિ.

## શ્રી ગોકુલેશ જયંતિ
## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ
## બાલાસિનોરના ધર્મપ્રેમી વૈષ્ણવો

**આનંદો** **આનંદો**

છેલ્લા કેટલાયે વરસોથી ઉપરોક્ત સમાજ આપણા માર્ગના ધાર્મિક ઉત્સવો નવા મંદિરમાં ઉજવતો હતો.

સમય વહેતો ગયો તેમ ફેરફાર આવતા રહ્યા. છેલ્લા ૧૦ વરસથી શ્રી ફગવાનો ઉત્સવ તેમજ શ્રી મહાઓચ્છવ મંદિરમાં ન ઉજવતાં વૈષ્ણવોના ઘરમાં ઉજવવામાં આવે છે.

હાલમાં (૧) શ્રી કનૈયા પ્રભુનો ઉત્સવ (૨) શ્રી ગુસાંઈજીનો પ્રાકટય ઉત્સવ, (૩) ધન્ય ધન્ય છઠની રાત (૪) શ્રી મહાપ્રભુજીનો પ્રાકટય ઉત્સવ તથા (૫) શ્રી ગોકુલેશ પ્રભુનો વિવાહ ઓચ્છવ આ પાંચ ઉત્સવો મંદિરમાં ઉજવીયે છીએ.

આજથી ૪-૫ વરસ પહેલાં આ પ્રસંગે ૫૦-૧૦૦ માણસો આવતા હતા. હવે સમય બદલાયો છે. લોકો દૂર દૂર રહેવા ગયા. પુરુષો થાક્યા પાક્યા રાત્રે મંદિર આવવાની ઈચ્છા ન કરે. બહેનો એકલી વાહનોની સગવડ વગર રાત્રે આવવાની હિંમત ન કરે. જેથી હવે માત્ર ૨૦-૨૫ બહેનો અને ૧૦-૧૨ પુરૂષોજ જે આટલામાં રહેતા હોય તેજ આવે છે. જેથી ઉત્સવોનો ખરો આનંદ લઈ શકતા નથી. ઉત્સવો નીરસ બન્યા જેથી શ્રી મહાઓચ્છવ અને શ્રી ફગવા ઉત્સવની માફક આ ઉપરના પાંચે ઉત્સવો પણ વૈષ્ણવોના ઘરમાં ઉજવાય તો ઘણા બધા વૈષ્ણવોને આનો લાભ મળે. જે હવે પછી આ પાંચે ઉત્સવો વૈષ્ણવોના ઘરમાં ઉજવવાનું સમાજે નક્કી કર્યુ છે. આમ કરવાથી બહુ બધા વૈષ્ણવોને લાભ મળશે. એમને એમ થશે કે કીર્તનીયાની માફક મારે ઘેર પણ ઠાકોરજી પધાર્યાને અમારૂ ઘર પાવન થયું અને અમારો કીર્તનીયાઓનો આનંદ બેવડાશે.

આ ઉત્સવો માટે નીચે પ્રમાણે ન્યૌચ્છાવર નક્કી કરવામાં આવ્યું છે. જે વૈષ્ણવની ઈચ્છા હોય તેઓ (૧) શ્રી બીપીન કીરતનલાલ દોશીને ફોન નં. ૨૩૬૩૮૭૪૯ તથા મોબાઈલ નંબર : ૯૮૨૧૩૧૬૨૩૩ ઉપર તથા નવનીતલાલ ચંદુલાલ સરકારને ફોન નંબર : ૨૩૬૧૩૭૯૫ તથા મોબાઈ નં. ૯૯૩૦૪૩૩૨૩૧ ઉપર ફોન કરી જણાવશોજી. વહેલો તે પહેલો આ ધોરણે નામ લખવામાં આવશે, ઉત્સવ જો રવિવારે આવશે તો સાંજે ૪.૩૦ કલાકે અને ચાલુ દિવસે રાત્રે ૯ કલાકે મનોરથીના ઘરે ઉજવાશે. પ્રસંગને અનુરૂપ વધાઈ ધોળ તથા કીર્તનોની રમઝટ જામશે. આ પ્રસંગે મનોરથી વૈષ્ણવ પોતાના સ્નેહી, સ્વજનોને પણ બોલાવી શકશે અને મનોરથી તથા તેના કુટુંબીજનોને તિલકનો લાભ મળશે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી ધન ધન છઠની રાત | - | માગસર સુદ ૬ | રૂા. ૧૧,૦૦૦/- |
| (૨) | શ્રી કનૈયા પ્રભુ પાટોત્સવ | - | કારતક વદ ૧૧ | રૂા. ૭,૦૦૦/- |
| (૩) | શ્રી ગુસાંઈજીનો પાટોત્સવ | - | માગસર વદ ૯ | રૂા. ૭,૦૦૦/- |
| (૪) | શ્રી મહાપ્રભુજી પાકટ ઓચ્છવ | - | ચૈત્ર વદ ૧૧ | રૂા. ૭,૦૦૦/- |
| (૫) | શ્રી (ગોકુલેશ પ્રભુ) વિવાહ ઉત્સવ | - | જેઠ વદ ૨ | રૂા. ૧૧,૦૦૦/- |

આશા છે આપ સર્વે આનો લાભ લેશો.

**લી. બીપીન કીરતનલાલ દોશી**
**મંત્રી શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ**

# કે.એમ.જી. જનરલ હૉસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન

(૧) સ્વ. પ્રવિણચંદ્ર પરસોત્તમદાસ પરીખ (રોકડીયા) હસ્તે. ભાનુબેન પ્રવિણચંદ્ર પરીખ (તેઓની પૌત્રી હેશાના લગ્ન પ્રસંગ નિમિત્તે રૂા. ૧,૦૦,૦૦૦/-

(૨) નવનીતલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) (હોસ્પિટલના પલંગ માટે) રૂા. ૩૧,૦૦૦/-

**દાન માટે જાહેર અપીલ**

હોસ્પિટલમાં દર્દીઓના માટે નવા ૫૦ પલંગ વસાવવાની જરૂરીયાત છે તો દાતાશ્રીઓને એક પલંગ દિઠ રૂા. ૩૧,૦૦૦/-ના દાન માટે અપીલ કરવામાં આવે છે. દાન આપવા ઈચ્છતા દાતાઓએ મંત્રીશ્રીઓનો સંપર્ક કરવો. ઉપરોક્ત દાન ૮૦ જી હેઠળ લેવામાં આવશે.

**કે. એમ. જી. જનરલ હોસ્પિટલમાં ૨૦૧૧-૧૨ના વર્ષમાં નીચે પ્રાણે દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | વિભાગ | કેસ |
|---|---|---|
| (૧) | સર્જીકલ | ૧૧૭૬૭ |
| (૨) | ગાયનેક | ૨૮૧૦ |
| (૩) | ફીજીશયન | ૫૪૦૯ |
| (૪) | આંખો માટે | ૧૦૩૦૫ |
| (૫) | બાળકો | ૧૪૨૨ |
| (૬) | ઈ.એન.ટી. | ૨૯૮૨ |
| (૭) | હાડકાં | ૭૦૦૮ |
| (૮) | ચામડી | ૩૩૬૫ |
| (૯) | સોનોગ્રાફી | ૩૩૭૫ |
| (૧૦) | એક્ષ-રે | ૬૭૭૧ |
| (૧૧) | ફીઝીયોથેરાપી | ૭૧૫૩ |
| (૧૨) | ઈ.સી.જી. | ૧૮૭૯ |
| (૧૩) | લેબોરેટરી | ૧૪૪૯૩ |
| (૧૪) | મોબાઈલ વાન | ૧૨૬૨૨ |

સુધારો :

એપ્રિલ માસના અંકમાં પાના નં.૨૪ઉપર શરતચૂકથી સુરેન્દ્રભાઈ રમણલાલ દેસાઈની યાદમાં હસ્તે હેતલબેન સુરેન્દ્ર દેસાઈ છપાયુ છે તે સુરેન્દ્ર રમણલાલ દેસાઈ હસ્તે શ્રી હેતલ સુરેન્દ્ર દેસાઈ વાંચવું. શરતચૂક બદલ ક્ષણા.

**મંત્રીઓ :**

**રાજેન્દ્ર દેસાઈ , નિતીન પરીખ**


।। શ્રી ગોકુલેશો જયતિ ।।

**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

**જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની કાર્યવાહક સમિતિની બેઠક ૧૨-૪-૧૨ના દિને મળી હતી. આ સભામાં વર્ષ ૨૦૧૧-૧૨ માટે હોદેદારોની વરણી, શાળા સમિતિની નિમણૂક શાળાઓ માટે ઓડીટર્સની નિમણૂક વગેરે કાર્ય હાથ ધરવામાં આવ્યું. પ્રમુખસ્થાન શ્રી પ્રવીણ દેસાઈએ સંભાળ્યું.

હોદેદારો તરીકે નીચે મુજબ નિમણુક કરવામાં આવી

(૧) શ્રી રસીકલાલ મણીલાલ લાકડાવાળા - ઉપપ્રમુખ
(૨) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ - મંત્રી
(૩) શ્રી નીતિન નટવરલાલ દેસાઈ - નાગર - મંત્રી
(૪) શ્રી હીતેશ રજનીકાન્ત પરીખ - ખજાનચી

શ્રી ચંદ્રકાન્ત દેસાઈએ નાદુરસ્ત તબિયતના કારણે મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળવા અનિચ્છા દર્શાવી હતી.

**શાળા સમિતિમાં**

**નીચેના સભ્યોનો સમાવેશ** કરવામાં આવ્યો.

(૧) શ્રી પ્રવીણ સાકરલાલ દેસાઈ - પ્રમુખ
(૨) શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ - ચેરમેન
(૩) શ્રી રમણભાઈ કે. પટેલ - સ્થાનિક મંત્રી
(૪) શ્રી નિતિન નટવરલાલ દેસાઈ - નાગર - મંત્રી
(૫) શ્રી બાબુભાઈ ધુળાભાઈ પેટેલ - સભ્યો
(૬) શ્રી રજનીકાન્ત ઓ. શાહ
(૭) શ્રી ડૉ. રાકેશ નગીનદાસ શાહ
(૮) શ્રી કૌશિક શાંતિલાલ ચોકસી
(૯) શ્રી અજય અંબાલાલ શાહ
(૧૦) શ્રી ગુણવંત ઓ. શાહ
(૧૧) શ્રી બાપુભાઈ પી. પટેલ- પ્રભારી આચાર્ય પી.વી.
(૧૨) શ્રી સુભાષ એમ. પટેલ, પ્રભારી આચાર્ય ઓ.શેઠ.
(૧૩) શ્રી દીપક વણકર - આચાર્ય જે.વી.દેસાઈ

શાળાઓ અંગે માહિતી આપતા પ્રમુખસ્થાનેથી નીચે મુજબ રજૂઆત થઈ હતી.

- ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ - દેડકી પ્રાથમિક શાળાના મકાનનું બાંધકામ, રંગરોગાન સાથે પુરુ થઈ ગયું છે. નવા વર્ષથી વર્ગો શાળામાં લેવાશે.
- બાકી ચારેય શાળાઓના રંગકામ તથા મરામતનો અંદાજીત ખર્ચ પંદર લાખ જેટલો થશે.
- ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલના પ્રાર્થના ખંડના ટેરેસના બાંધકામ તથા નવીનીકરણ માટેનો અંદાજીત ખર્ચ પણ રૂપીઆ પંદર લાખ થવાની શક્યતા છે.
- વીસ કોમ્પ્યુટર્સ પ્રાથમિક શાળા માટે વસાવવાનાં છે. અંદાજે ખર્ચ રૂપીઆ ત્રણ લાખ.
- શાળાઓના ઓડીટર્સ તરીકે મેસર્સ વી. સી. શાહની કાું. નડીઆદની નિમણૂક કરતો ઠરાવ પ્રમુખસ્થાનેથી રજૂ થયો, જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.
- બાલમંદિર તેમજ પ્રાથમિક શાળામાં ફી વધારાના પ્રસ્તાવને મંજૂર કરવામાં આવ્યો. જે અંગેની યોગ્ય માહિતિ વાલીઓને આપવાની જવાબદારી સ્થાનિક મંત્રી શ્રી રમણભાઈ પટેલ અને સંલગ્ન આચાર્યોને સોંપવામાં આવી.

**નગર મંત્રીઓ:**
**જતીન દેસાઈ, નીતિન દેસાઈ**

સુધારો

ગતાંકમાં મણીગૌરી ઓચ્છવલાલ શેઠ શૈક્ષણિક સંકુલ માટે શ્રીમતી તરુબેને અને પ્રફુલ્લ શેઠે તથા તેમના કુટુંબીજનો તરફથી આપેલ દાન ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર) સરતચૂકથી છપાયું છે. દાન રૂા. ૧૫,૦૦,૦૦૦/- (રૂપીયા પંદર લાખ પ્રાપ્ત થયું છે)

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ ની કારોબારીની બીજી બેઠક તા ૧૭-૪-૧૨ના રોજ સાંજે ૭ કલાકે સુભદ્રાબેન ન. શાહ (કોલકત્તાવાળા) મીટીંગ રૂમ, પ્રગતિ સમાજ, મુંબઈ - ૨ ખાતે પ્રમુખશ્રી જતીન ન. દેસાઈનાં પ્રમુખ પદે મળી હતી. મંડળ તથા ટ્રસ્ટની કારોબારીની બીજી બેઠકનું કાર્યનોંધ જે મંત્રીઓએ રજૂ કર્યું હતું એને બહાલી આપવામાં આવી હતી. મંડળ તથા ટ્રસ્ટના ૩૧-૩-૧૨ સુધીના હીસાબો ખજાનચીઓએ રજૂ કર્યાં હતા. જે સર્વાનુમતે બહાલી આપી ઓડીર્ટસને મોકલવા માટે સંમતિ આપવામાં આવી હતી.

અન્ન સહાય સમિતિનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો હતો. જે મુજબ મુંબઈ ખાતે અને બાલાસિનોર ખાતે રાહત આપવામાં આવી છે. લગ્ન રાહત સમિતિનો તથા મુક્તીધામ યોજના સમિતિનો અહેવાલ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. મેડીકલ હેલ્થ ચેકઅપ સર્વેનો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો. જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. હાજર રહેલ સભ્યોએ પ્રમુખશ્રીએ આપેલ દાન બદલ તેમનો આભાર માન્યો હતો. આ વર્ષે મેડીકલ રીલીફ માટે અરજી ઓ જો બાકી રહેતી હશે તો તેઓને બીજી વખત પણ કોશીશ કરી રાહત આપવી.

મેડીકલ ટ્રસ્ટ રૂા. ૧,૦૦,૦૦૦ અંકે રૂ. એક લાખ પુરાનું દાન સ્વ. શ્રી પ્રવીણભાઈ મોહનલાલ શાહ તરફથી તેમના મરણોત્તર તેમનાં દીકરા-દીકરીઓ તરફથી પ્રાપ્ત થયું છે. ટ્રસ્ટ દાતાનાં કુટુંબીજનોનો આભાર માને છે. લીવ માટે આવેલા પત્રોની નોંધ લેવામાં આવી હતી. ભોજનને ન્યાય આપી પ્રમુખશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થયી હતી.

**લી. સોહીણી વાય. કડકીઆ**
**પરેશ આર. પરીખ**
**માનદ્ મંત્રીઓ**

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા ટ્રસ્ટની કારોબારીની મીટીંગમાં લેવાયેલા નિર્ણય મુજબ વાર્ષિક સામાન્ય સભામાં એકલાખ અથવા એક લાખથી વધુ પણ બે લાખ પચાસ હજારથી નીચે આપનાર દાતાનું Certificate અને શાલ દ્વારા બહુમાન કરવામાં આવશે, અને બે લાખ પચાસ હજાર અથવા તેનાથી વધારેનું દાન આપનાર દાતાનું મોમેન્ટો તથા શાલ દ્વારા બહુમાન કરવામાં આવશે.

**પ્રમુખ : શ્રી જતીન ન. દેસાઈ.**

Rasesh Parikh
ISHY CREATION
Manufacturer of
Gold & Diamond Jewellery
12, Mangal Bhavan, Old Nagardas Road,
Andheri (East), Mumbai - 400 069.
Ph. (O) 28390476 (R) 26840205
(M) 9821117788

# સાચાં સગપણ

સાચાં સગપણ આંસુઓના પડે પ્રતિબિંબ એવાં દર્પણ કયાં છે ? કહ્યા વિના સઘળું સમજે, એવાં સગપણ ક્યાં છે ? (કુમુદ પટવા) શું તમારા સંબંધોની વેલ સુકાઈ રહી છે ? તો હવે જરૂર છે તમારા સંબંધોના સમીકરણને બદલવાની. સબંધોને રીચાર્જ કરવા માટે મની પાવર કે કોઈ પણ પ્રકારનો પાવર કામે લાગી શકે તેમ નથી. સંબંધો માત્ર લાગણીઓની ભીનાશથી જ રીચાર્જ થઈ શકે. એક ઘરનાં દીવાનખંડમાં ઘણા બધાં કુટુંબીઓ બેઠાં છે. દરેક વ્યક્તિ વચ્ચે કોઈને કોઈ પ્રકારનો સંબંધ છે. એક વ્યક્તિના મામા, કાકા, ફઈ, ફૂવા, મા, બાપ બધાંજ સ્વજનો બેઠાં છે. સ્વજન એટલે પોતાના કહી શકાય તેવા. તેમ છતાં આવાં સ્વજનોના ટોળામાં પણ એક વ્યક્તિ કોરી આંખો સાથે પોતાની એકલતા લઈને બેઠો છે. કારણ કે આ સંબંધોમાં ક્યાંય જીવ નથી. પોતે મુસીબતમાં હોવા છતાં કોઈએ એક વખત પણ તેને કહયું નથી કે અમે તારી સાથે છીએ. તારો પડછાયો બનીને ઊભા છીએ. અંધારામાં જો સાદ પાડે તો પણ અમે હાજર છીએ. માણસને કેવા સંબંધોની જરૂર છે ? આ પ્રકારના એક વિદ્યાર્થી ધોરણ બારની પરીક્ષામાં નાપાસ થાય છે. અને ઘેર આવીને પોતાનાં માતા-પિતાને વાત કરે છે. ત્યારે જો મા-બાપ થોડી ક્ષણો માટે પણ કહી દે કે, દીકરા, અમારે આવાં માર્કશીટનાં કાગળની જરૂર નથી. તું તો સલામત છોને ? તારાંથી વિશેષ અમારે કંઈ જોઈતું નથી. હવે ફરી વખત વધારે મહેનત કરજે. બસ, આટલા જ સંવાદોથી મા-બાપ પૂરાં આયખા માટે દીકરાની લાગણીઓને જીતી લે છે. પરંતુ થાય છે ઊલટું. દીકરો નાપાસ થાય એટલે માતા-પિતા મોટું ભાષણ વરસાવી નાખતાં હોય છે. આમ કરવાથી સંતાનોને મા-બાપનાં સ્વાર્થનો અંદાજ આવી જતો હોય છે કે વડીલોને પોતાની નહીં પણ એક સારાં માકર્સ લઈ આવે તેવાં મશીનની અને એક કમાઉ દીકરાની જરૂર છે. આવો માણસ જેમ જેમ મોટો થતો જાય તેમ તેમ તેને લાગવા માંડે છે કે આ દુનિયામાં નર્યો સ્વાર્થજ જ છે. ધીમે ધીમે તે ટોળામાં પણ એકલતા અનુભવે છે. હકીકતમાં માણસને મિત્રોના ટોળાઓની નહીં, પરંતુ એક એવાં સાચા મિત્રની જરૂર છે કે જેણે તેને તેનાં ગુણદોષ સાથે સ્વીકાર્યો હોય અને મુસીબતમાં તેની પડખે ઊભો રહી શકે. કોઈપણ વ્યક્તિ આત્મહત્યા શા માટે કરે છે ? શું તેની પાસે રૂપિયા નથી ? શું કોઈ વસ્તુ નથી ? શું તેને કોઈ મુશ્કેલી છે ? આ બધાં કારણો તો પછીનાં છે. મૂળ કારણ તો તેની પાસે પોતાની કહી શકાય તેવી કોઈ વ્યક્તિ નથી. જો આવું કોઈ હોય તો તો પછી ઉપરનાં બધાં જ કારણો સાથે વ્યક્તિ લડી શકે છે. જો આત્મહત્યા કરવા જનારને કોઈ અમસ્તુ પણ કહી દે કે, દોસ્ત ! હું હંમેશા તારી સાથે છું. તો કદાચ તેનું આખું માનસ પરિવર્તન થઈ જાય. તેને જીવન જીવવાનું બળ મળી જાય છે. શબ્દોમાં ઘણી જ તાકાત છે. શબ્દોથી માણસ કોઈપણને જીતી શકે છે. પરંતુ મોટો ભાગે આપણે સંબંધોમાં પ્રતિભાવો આપવાનું શીખ્યા જ નથી. આજકાલ લોકો ભૌતિક વસ્તુથી લદાયેલા છે અને આમ જોઈએ તો એક મકાનમાં રહેતા હોય છે. છતાં ખાલી ખોખાની જેમ ફરતા હોય છે. ઘર તો એને કહી શકાય કે, જ્યાં સંબંધો જીવંત હોય. બાકી તો માત્ર મકાન જ કહેવાય છે. સંબંધોને જીવંત રાખવા માટે વસ્તુપૂજા નહીં પણ વ્યક્તિ પૂજા એટલે કે વ્યક્તિને સન્માનિત કરવાની જરૂર છે. કારણ કે વ્યક્તિ હશે તો જ વસ્તુનું મહત્વ છે. કોઈને બે સારા વાક્યો કહેવાથી કે 'હું છું ને' આટલું કહેવાથી આપણું કંઈ પણ જવાનું નથી, પણ એટલું જરૂર છે કે સામે વાળી વ્યક્તિને જીવન જીવવાનો ટેકો અવશ્ય મળી જશે. માટે જ, જો તમે ખરેખર કોઈના સાચા સાથી બની રહેવા માંગતા હો અને તેને તમારી જરૂર હોય તો તેને કહીદો કે, તમે તેની સાથે જ છો. રમેશ પારેખ સરસ કહે છે. પોતાની કડકજતી એકલતા લઈને, સૌ બેઠાં છે, ટોળાંને તાપણે.

**- સંકલન ઈન્ટરનેટ પરથી સાભાર**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
# 'ચાલો બાલાસિનોર ૧૦ થી ૧૫ નવેમ્બર ૨૦૧૨'

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ ચાલો બાલાસિનોર નું આયોજન દીવાળી દરમ્યાન હાથ ધરાયું છે જેની વીગતો નીચે મુજબ છે.

**જવાની તારીખ**

૧. તા. ૧૦-૧૧-૨૦૧૨ શનિવાર રાતના (વડોદરા એક્સપ્રેસ - દેહરાદુન એક્સપ્રેસ)

૨. તા. ૧૧-૧૧-૨૦૧૨ને રવિવાર સવારે વડોદરાથી બાલાસિનોર તળાવ દરવાજા સુધી બસ દ્વારા પ્રવાસ. (સાથે ચા, કોફીની વ્યવસ્થા)

૩. તા. ૧૧-૧૧-૨૦૧૨ થી ૧૫-૧૧-૨૦૧૨ બાલાસિનોર ખાતે સવારનો ચા નાસ્તો, બપોરનું ભોજન તથા રાત્રીના ભોજનનું આયોજન દશાનીમા વણીક વાડીમાં રાખવામાં આવેલ છે.

૪. તા. ૧૧-૧૧-૨૦૧૨ લાયન્સ કલબ હોલ ખાતે, મ્યુઝીકલ ગેમ શો, તા. ૧૨-૧૧-૨૦૧૨ શકતી ટોકીઝ ખાતે બપોરે ૨ થી ૫ પીકચરનો શો, (શક્ય હોય તો) તા. ૧૪-૧૧-૨૦૧૨ સીધ્ધનાથ પાર્ટી પ્લોટ ખાતે ૯ વાગ્યાથી. ડાંડીયા રાસનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે.

૫. ૧૫-૧૧-૨૦૧૨ ના રોજ સાંજે ૫ કલાકે તળાવ દરવાજે થી બસ દ્વારા વડોદરા જવા રવાના. જમવાના પેકેટ બસમાં આપવામાં આવશે. રાત્રે ૧૦.૩૦ કલાકે વડોદરા એક્સપ્રેસ દ્વારા મુંબઈ રવાના.

**નોંધ**

૧. તા. ૧૧-૧૧-૨૦૧૨ થી ૧૫-૧૧-૨૦૧૨ જમણવાર દરમ્યાન મીનરલવોટર (Disposable glass) આપવામાં આવશે.

૨. ટીફીન ની વ્યવસ્થા કરવામાં આવશે નહીં.

૩. દરેક વ્યક્તી એ Govt.photo Id સાથે રાખવું જરૂરી છે.

૪. સંઘ દ્વારા આયોજીત 'ચાલો બાલાસિનોર'ના પ્રોગ્રામ મા સાથે ન જોડાનાર વ્યક્તીઓને જમવાના પાસ બે દીવસ પહેલા મળી શકશે. Same Day જમવાના પાસ આપવામાં નહીં આવે.

**આવશ્યક સુચનાઓ**

૧. દરેક વ્યક્તિએ પોત પોતાના સામાનની હેરફેરની વ્યવસ્થા પોતેજ કરવાની રહેશે.

૨. દરેક વ્યક્તિએ પોતાના નામની ટીકીટમાં પોતેજ પ્રવાસ કરવાનો રહેશે. જો એ ટીકીટમાં બીજો કોઈ વ્યક્તિ પ્રવાસ કરશે તો એની જવાબદારી જે તે વ્યક્તિની વ્યક્તિગત રહેશે.

૩. જો કોઈ કારણસર ટીકીટ કેન્સલેશન હશે તો તા. ૫-૧૧-૨૦૧૨ સુધીજ કેન્સલ કરવામાં આવશે અને કેન્સલેશન ચાર્જ તથા એજન્ટનો ચાર્જ તે વ્યક્તિ એ ભરવાનો રહેશે.

૪. સંપુર્ણ વીગતો સાથે વિગતવાર ભરેલ ફોર્મ અને પુરી રકમ તા. ૨૫-૫-૧૨ થી ૩૦-૬-૧૨ સુધી **નીચે જણાવેલ સ્થળોએ જમા કરવાના રહેશે.**

૧. શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦, અરદેશર સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૪, ફોન નં. ૨૩૮૮૭૦૦૬, ફોર્મ સ્વીકારવાનો સમય બપોરે ૩ થી ૬, રવિવારે સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી.

૨. શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ સૌમીલ મોદી - ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, બેગ મોહમ્મદ સ્કુલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૩, ફોન. નં. ૨૩૪૨૬૩૧૬, ફોર્મ સ્વીકારવાનો સમય સોમવાર થી શનિવાર બપોરના ૧૨ થી ૬ વાગ્યા સુધી.

૩. બાલાસિનોર પ્રગતી સમાજ : ૪૫/૪૯ બાબુગેનું રોડ, બાલકૃષ્ણ કૃપા, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨, ફોન નં. ૨૨૦૫૩૪૭૬, સંપર્ક શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ, ફોર્મ સ્વીકારાવનો સમય સાંજે ૪ થી ૬ (સોમવાર થી શનિવાર)

**ઉપનગર ખાતે**

૪. શ્રી નીલેશ નવનીતલાલ શાહ : સી-૨૪, સરદાર સ્મૃતી, બીજે માળે, એસ.વી.પી.રોડ, ઓપોઝીટ જૈન દીગંબર ટેમ્પલ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨, ફોન નં. ૨૮૯૨૬૪૯૧, ફોર્મ સ્વીકારવાનો સમય : સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી.

૫. ગાંધી નીમીષ બાબુલાલ (પાકા) બી-૩૧, રાજેશ એર્પામેન્ટ, એ-૭૨, શંકરગલી, ત્રીજે માળે, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૭, ફોર્મ સ્વીકારવાનો સમય સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી.

**- મંત્રી : ભાવેશ બીપીન મોદી**

**- સંયોજક : જીગર મણીકાન્ત કડકીઆ**

**મો. ન. ૯૮૨૦૩ ૩૧૫૩૫**

ચાલો બાલાસિનોરની બાલાસિનોર ખાતેની સમિતિમા શરતચુકથી શ્રી યોમેશ પ્રવીણચંદ્ર શાહ (સેવાલીયાવાળા)નું નામ લખવાનું રહી ગયું હતું તેમનું નામ સમિતિમાં ગણવું.

**- સંયોજક જીગર મણીકાન્ત કડકીઆ**

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સોસાયટી લી.

**સર્વે શેર હલ્ડર ભાઈઓ તથા બહેનો.**

સવિનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૨૬ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૬-૨૦૧૨ ને બુધવાર રોજ સાંજે ૭.૩૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે શ્રી યોગેશભાઈ રમણીકલાલ ધારીયાના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે. તો સૌ શેરહોલ્ડર સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

**માનદ્ મંત્રીઃ**

**શ્રી કૌશીકભાઈ કા. કડકીયા,**

**શ્રી મંજુલ શૈ. ધારીયા**

શુભ પ્રસંગ જે જે શ્રી ગોકુલેશ શુભ પ્રસંગ





આપણે ત્યા રૂડો અવસર આવ્યો છે.
તો જરૂર થી સંપર્ક કરો

નિરવ ફોટો આર્ટસ

હર્ષદ પારેખ / નિરવ પારેખ

ફોન. ૯૮૨૧૩ ૭૯૭૭૬ / ૨૮૯૫ ૯૭૭૩ / ૯૩૨૨૫ ૧૫૩૫૧

લેટેસ્ટ ટેક્નોલોજી દ્વારા સુંદર
ડિઝીટલ ફોટોગ્રાફી / ડિઝીટલ વિડીઓ શુટિંગ

સુંદર કલાત્મક રીતે મોડલીંગ ફોટોગ્રાફી તેમજ લેટેસ્ટ સ્ટાઈલ. ફોટો લેમીનેશન / ડિઝીટલ આર્ટવક/ જૂના ફોટા ઉપરથી ડીઝીટલ નવા ફોટા બનાવી આપશું તમારી વિડીયો કેસેટ ઉપરથી - બનાવી આપીશું તુરંત અને ઝડપી સર્વિસ તમારી કંપનીના આઈ.ડી. કાર્ડ તેમજ તમારા પ્રોડકટ ફોટોગ્રાફી કરી આપશું

સી- ૧૩ સીસ્કીટા નગર, સી.એસ.રોડ,
દહિસર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૮

હેમેન્દ્રભાઈ શાહ / રાજનભાઈ કડકીઆ ના સૌજન્ય થી

# SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS
# "CHALO BALASINOR" 10TH NOVEMBER 2012 TO 15TH NOVEMBER 2012

Form No : __________ Date : _________

Name of Applicant : ____________________________________________

Address : ____________________________________________

____________________________________________

Telephone No : ______________________ Mobile No: ______________________

| SR. No | SURNAME | NAME | MIDDLE NAME | AGE | SEX | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| 01 | | | | | | |
| 02 | | | | | | |
| 03 | | | | | | |
| 04 | | | | | | |
| 05 | | | | | | |
| 06 | | | | | | |

| Package Cost | Sleeper Class | III AC | II AC |
|---|---|---|---|
| Male/Female Regular | Rs. 1900 | Rs. 2550 | Rs. 3000 |
| Sr. Citizen Female | Rs. 1700 | Rs.2100 | Rs.2350 |
| Sr. Citizen Male | Rs. 1750 | Rs. 2150 | Rs. 2450 |
| Child (5 to 12 years) | Rs 1750 | Rs 2100 | Rs 2700 |

**INSRUCTIONS:**

1. FORMS TO BE FILLED IN BLOCK LETTERS ONLY IN ENGLISH LANGUAGE.
2. PACKAGE CHARGES INCULDES TRAVELLING EXPENSES AND ALL MEALS AND BREAKFAST.
3. SEPARATE FROMS MUST BE FILLED FOR DIFFERENT TRAVELLING CLASS (XEROX ALLOWED).
4. FULL PAYMENT IN CASH WILL HAVE TO BE MADE AT THE TIME OF FORM SUBMISSION.
5. CANCELLATION CHARGES ALONG WITH AGENT CHARGES TO BE BORNE BY THE APPLICANT.
6. NO CANCELLATION ALLOWED AFTER 5TH NOVEMBER 2012
7. TICKETS ARE NOT TRANSFERABLE.
8. SENIOR CITIZEN WILL HAVE TO CARRY THEIR GOVERNMENT PHOTO ID WITH AGE PROOF.

**BHAVESH BIPIN MODI (SECRETARY)**
**9869080287**

**JIGAR MANIKANT KADAKIA (CONVENER)**
**9820331535**

---

FOR OFFICE USE ONLY

Form No: _________

Name of Applicant : ____________________________________________

Received Rs. ______________________

Receivers Signature : ______________________

FOR SHREE BALASINOR NAVYUVAK SANGH

# બાલાસિનોર નાગરિક સહકારી બેંક લિ., બાલાસિનોર,

**સહકાર ભવન, ખારાકુવા પાસે, બાલાસિનોર - ૩૮૮૨૫૫, ફોન નં. (૦૨૬૯૦) ૨૬૯૦૫૮**

બાલાસિનોર નાગરિક સહકારી બેંકના માનવંતા તમામ ગ્રાહકોના પૂર્ણ વિશ્વાસથી અને સહકારથી અને સંચાલક મંડળની સુચનાઓ અનુસાર બેંકે સાચુ સાલે જે પ્રગતિ કરી છે. જેના પ્રગતિશીલ આંકડાઓ આપની સમક્ષ બેંકના સંચાલક મંડળના આદેશથી રજુ કરીએ છીએ જે સર્વે માનવંતા ગ્રાહકોએ નોંધ લઈને જે સહકાર આપ્યો છે. એથી વિશેષ સહકાર આપશો એવી અપેક્ષા સંચાલક મંડળ રાખે છે. આપના સહકાર બદલ આભાર.

**૩૧ માર્ચ ૨૦૧૨ ના પ્રોવીઝનલ નાણાંકીય પરિણામો**

| વિગત | અન ઓડીટેડ ૩૧ માર્ચ ૨૦૧૨ (લાખમાં) | ઓડીટેડ ૩૧ માર્ચ ૨૦૧૧ (લાખમાં) | વધારો / ઘટાડો (લાખમાં) |
|---|---|---|---|
| શેરમુડી | ૯૭.૪૮ | ૯૫.૦૬ | ૨.૪૨ |
| ફંડો | ૮૫૪.૫૨ | ૮૬૬.૭૯ | (-૧૨.૨૭) |
| ડીપોઝીટ | ૧૯૦૮.૧૫ | ૧૪૬૮.૫૦ | ૪૩૯.૬૫ |
| રોકડ | ૪૦.૪૩ | ૩૭.૯૧ | ૨.૫૨ |
| રોકાણો | ૧૪૦૫.૮૨ | ૧૧૩૭.૬૨ | ૨૬૮.૨૦ |
| ધિરાણ | ૯૩૦.૯૯ | ૭૨૬.૯૩ | ૨૦૪.૦૬ |
| નફો | ૯.૧૦ | ૭.૦૩ | ૨.૦૭ |
| નેટ એન.પી.એ. | ૦૦ | ૧૪% | ૧૪% |

બેંક આર.ટી.જી.એસ. (RTGS / NEFT) ની સુવિધા ચાલુ કરેલ છે. જેમાં બેંકના ચાલુ (કરન્ટ) ખાતામાં રૂા. ૫૦,૦૦૦/- જમા રાખી RTGS / NEET તથા બહારના ડ્રાફ્ટ કમીશન વગર સુવિધા પ્રાપ્ત કરો.

બેંક સોના-ચાંદીના દાગીના સામે ધિરાણ ઉપર વાર્ષિક ૧ ૨ ટકા ના દરે મહતમ ધિરાણ કરે છે.

હાઉસીંગ ધિરાણ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી ૧ ૩ ટકાના દરે ધિરાણ કરે છે.

વ્હીલ લોન ધિરાણ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી ૧ ૧ ૧/૨ ટકા ના દરે ધિરાણ કરે છે.

# SHREE BALASINOR PRAGATI SAMAJ

**balasinor.pragatisamaj@gmail.com**

**A CLARIFICATION / CORRECTION**

There were few typographical errors in the artical published in the last month issue of Jyoti Punj (April 2012, page 13). Following are the corrections.

1) DVDs of Five Seminars so far held are available at the office of Shree Balasinor Pragati Samaj on a token payment of Rs. 20.00 (rupees twenty) only per each DVD and not Rs. 200 each as mentioned inadvertently.
2) The name of the chief Guest and Hon. Speaker for the First Seminar which was held on January 5, 2010 may please be read as SHRI RASHESH SHAH, CEO and M.D. of M/s Edelweiss Capital Ltd. and not Shri Rajesh Shah.

Community member are requested to take note of the above corrections.

**Pankaj Dharia, Convener**
**Program & Event Management**

**Daxesh Kadakia / Rajendra Desai**
**Hon. Secretaries**

## અપીલ

**વ્હાલા ભગવદીય વૈષ્ણવો**

આપણા ગોકુલનાથજી મંદિર, બાલાસિનોરની ગઈ જનરલ મિટિંગમાં આપણી નવી કમિટિએ વહીવટ સંભાળ્યા બાદ ઠાકોરજીની સેવામાં અને વૈષ્ણવોને પણ સંતોષ થાય તે રીતે વ્યવસ્થા બરાબર સારી રીતે ગોઠવાઈ ગઈ છે. હવે મંદિરમાં અને ફગવા બગીચાના બંગલામાં તથા ત્યાં આવેલા બે ખુલ્લા પ્લોટમાં બાઉન્ડ્રી વોલ સમયના ઘસારાની અસરને પહોંચી વળવા રંગ રીપેરીંગ વિગેરે કરવા માટે તા. ૧૪-૪-૧૨ની કારોબારીની મિટિંગમાં આ પ્રકારના મેન્ટેનન્સને પહોંચી વળવા શ્રી ગોકુલનાથજી મંદિર તથા ફગવા બગીચા મંદિર જીર્ણોધ્ધાર ફંડ ઉભુ કરવાનું નક્કી કર્યુ છે. આ અગાઉ ગૌશાલાની મિતી યોજનાને આપ સૌના સાથ સહકાર મળતાં ગૌશાળામાં ગાયોની સેવા સુંદર રીતે થાય છે. તેવી રીતે આ જીર્ણોધ્ધાર ફંડમાં પણ ૨૫૦૦/-, ૫,૦૦૦/- કે તેથી વધુ ઈશ્વર પ્રેરણા કરે તે રીતે આપની સેવા મુંબઈ ખાતે અને વાડાસિનોર ખાતે આપ આવો ત્યારે લખાવશો એવી નમ્ર વિનંતી છે.

**મુંબઈ ખાતે**

૧. શ્રી રસિકભાઈ દેવ
૨. શ્રી જગદીશભાઈ ધારીઆ
૩. શ્રી નવીનભાઈ (સરકાર)
૪. શ્રી બીપીનભાઈ કીરતનભાઈ દોશી
૫. શ્રી નવીનભાઈ રમણલાલ દેસાઈ (મેનપુરવાળા)

**બાલાસિનોર ખાતે**

૧. શ્રી મણીકાન્ત કડકીઆ
૨. શ્રી કૌશિકભાઈ ચોકસી
૩. શ્રી મયંકભાઈ રજનીકાંત ચોક્સી
૪. મંદિરની પેઢી ઉપર

**પ્રમુખ શ્રી : નવીનચંદ્ર સી. શાહ**
**શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ મંડળ**

Auml Parlour

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. Bakul Chimanlal Shah
   C/604 Prgna Co-Op. Hsg. Society,
   Opp Saheli International School,
   New MHB, Gorai Road,
   Borivali - (West), Mumbai - 400092
   Resi No : 28687771,
   Mobile : 9820039220 - Bakul C. Shah
   Mobile : 9769988311 - Kamini B. Shah
2. Jignesh Manikant Kadakia
   403, Ramashree Residency,
   Motnath Mahader Road,
   Besides Hanuman Mandir,
   Harani - 390022
   Ph No. : 0265 6581376.
3. Atul Kuberdas Dharia
   Nirmal Niwas No.2, Flat No. 41,
   Fifth Floor, 79/81,
   August Kranti Marg,
   Mumbai - 400036,
   Tel No. 23806005
4. Vasant K. Parikh
   Jinesh Vasant Parikh
   May Flower Park, Block -A,
   Flat No. 503-504, Mallapur
   Hyderabad - 500076
   Mobile : Vasant - 9951462042,
   Jinesh - 9966107722

૫. સુરેન્દ્રભાઈ બાબુલાલ ગાંધી
   અનીશ સુરેન્દ્ર ગાંધી
   ૩/૧૮, નિર્મલા મહલ,
   બમનજી પેટીટ રોડ, પારસી જનરલ
   હોસ્પિટલ પાસે, વોર્ડન રોડ,
   મુંબઈ - ૪૦૦૦૩૬,
   ફોન નં: ૨૩૮૮૮૬૪૩

૬. કિરીટભાઈ સાંકરલાલ સુથાર
   A/૨૦૧, ગોકુલેશ રેસીડન્સ,
   પચરત્ન બીલ્ડીંગ પાછળ,
   ઈલોરા પાર્ક, (સુભાનપુરા) વડોદરા

## નવા નંબર

પરેશ વિનુભાઈ મહેતા - ૨૩૮૮૯૫૮૯

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| વીમળાબેન કીરીટભાઈ પરીખ | ૬૯ |
| દિપ્તીબેન ભુષણ કડકિયા (ફાડિયા) | ૫૨ |
| નવનીતલાલ ચીમનલાલ શાહ(સનાદરાવાળા) | ૭૧ |
| ભાનુબેન કિરીટભાઈ કડકિયા (ખીસાદાર) | ૭૨ |
| પ્રવીણચંદ્ર ચંદુલાલ શાહ (ઝાટ) | ૭૭ |
| મંજુબેન બાબુલાલ પારેખ (ઝાટ) | ૮૫ |
| મહેન્દ્રભાઈ કાન્તીલાલ કડકિયા (બનડા) | ૭૨ |
| શશીકાન્ત ચીમનલાલ મોદી | ૭૪ |
| ઓજસ અનીશ સુરેન્દ્ર ગાંધી | ૨૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 2 May - 2012

## ✥ દુનિયા હવે પહેલા જેવી રહી નથી ✥

આજકાલ બધુજ બદલાઈ રહ્યું છે. વળી ઝડપભેર બદલાઈ રહ્યું છે. પરિવર્તનની ઝપડને કારણે અક્કલ બહેર મારી જાય તેવું પણ થાય છે. ઘડપણની વ્યાખ્યા શું ? ઘડપણ એટલે પરિવર્તનને સ્વીકારવાની અને પચાવવાની અશક્તિ. માનવ ઈતિહાસમાં ક્યારે પણ જૂની પેઢીને નવી પેઢી ડાહી લાગી નથી. જગતનું સૌથી ઘરડું વિધાન આ પ્રમાણે છે. આ દુનિયા હવે પહેલાં જેવી રહી નથી'.

પ્રત્યેક સૂર્યાશત નવું અંધારૂ મૂકતો જાય છે. પ્રત્યેક સૂર્યોદય નવું અજવાળું લેતો આવે છે. આજના યુગમાં છાશ પીવાનું ઘટતું જાય છે અને બીયર પીવાનું વધતું જાય છે. ગોળપાપડી ખાવાનું ઘટતું જાય છે અને ચોકલેટ, કેટબરી ખાવાનું વધતું જાય છે. ગાય પાળવાનું ઘટતું જાય છે અને કૂતરા પાળવાનું વધતું જાય છે. ચાલવાનું ઘટતું જાય છે અને સ્કૂટર ચલાવવાનું વધતું જાય છે. વિચારવાનું અને વાંચવાનું ઘટતું જાય છે અને મોઢું વકાસીને ટી.વી. જોયા કરવાનું વધતું જાય છે. લોહીની સગાઈના અને લગ્ન સબંધની બોલબાલા ઘટતી જાય છે. અને મનમેળના માન-પાન વધતા જાય છે. બાખરીની જગ્યાએ બ્રેડ અને ઢેબરાંની જગ્યાએ પિઝાનું ચલણ વધતું જાય છે. લીબુંનું શરબત એકાએક 'લીમકા' બની જાય છે. યુગલ હોય એવા કપ-રકાબીની જગ્યાએ વાંઢો 'મગ' આવી જાય છે. ઘરે ઘરે ગૃહણીઓ કહેતી થઈ છે. ' આજે બહાર જમી આવીએ'. સ્કૂટર નારી મુક્તિનું વાહન બની રહ્યું છે. જૂની આંખે નવા તમાશા જોવાની પણ એક અનેરી મજા હોય છે. આવી મજા ન માણી શકે તેવી અવસ્થાને ઘડપણ કહેવામાં આવે છે. ઘડપણ પણ મનની જ એક અવસ્થા છે.

- સંકલન

**2nd Cover Page**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના (૨૦૧૨-૨૦૧૩)

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ-૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂા. ડઝન અને ફુલ સાઈઝ નોટબુક ૧૦૦ રૂા. ડઝન**

**આ વેચાણ તા. ૨૭-૫-૧૨ના રોજ સવારે ૯ કલાકે**

**નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪

**સમય** : સોમવારથી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦

**નોંધ** : દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ**

(૧) શ્રી હેમાશું હરીશચંદ્ર દેસાઈ : ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂા.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈસ્ટ) મુંબઈ - ૬૯
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) પરીખ કોકીલાબેન હીરાલાલ (ડાબલી) : ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭,
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) : સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સીવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : સુનીલ મોદી**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના (૨૦૧૨-૨૦૧૩)

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૭-૪-૧૨ થી ૩૦-૫-૧૨ સુધી સંસ્થાની ઓફિસમાં સંપુર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૩-૬-૨૦૧૨ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : સુનીલ મોદી**